# પ્રેસનોટ

## મોટરસાઇકલના મુદ્દામાલ સાથે એક ઇસમની ધરપકડ કરી ચોરીના ગુનો ડીટેક્ટ કરતી અમદાવાદ શહેર એસઓજી ક્રાઇમબ્રાન્ચ

નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રેન ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી બી.સી.સોલંકી એસઓજી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સપેકટર શ્રી બી.ડી.જાડેજા એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ મીલકત સંબધી બનેલ ગુના શોધી કાઢવા તેમજ નાસતા ફરતા આરોપીઓને પકડવા આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં પોસઇ શ્રી પી.બી.દેસાઇ નાઓની ટીમ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન પેટ્રોલીંગ ફરતા ફરતા વિશાલા નારોલ રોડ બરફની ફેકટરી ત્રણ રસ્તા પાસે આવતા સાથેના હેડ.કોન્સ રાજેન્દ્ર રામશરણ તથા પો.કોન્સ. અનવરખાન પીરખાન નાઓએ સંયુક્ત બાતમી હકીક્ત આધારે અબ્દુલ ઉર્ફે સાદીક સ/ઓ સલીમભાઇ પઠાણ ઉ.વ.૨૨ રહેવાસી, મનં, બી/૧૨ કલ્યાણનગર સોસાયટી હરીશ પેટ્રોલપંપની પાછળ પાણીગેટ વડોદરા શહેર નો મળી આવેલ. જે ઇસમની મોટરસાઇકલ બાબતે પુછપરછ કરતાં જણાવેલ કે, ગઇ તા.૩૧.૧૨.૨૦૧૪ ના રોજ આ મોટર સાઇકલ વડોદરા ફતેગંજ નરહરી હોસ્પીટલ પાસેથી ચોરેલાનુ જણાવેલ જેથી આ બાબતે તપાસ કરાવતાં સદર મોટરસાઇકલ બાબતે વડોદરા શહેર સયાજીગંજ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૯/૧૫ ધી ઇપીકો કલમ ૩૭૯ મુજબ ના ગુના નોંધાયેલાની હકીકત જણાયેલ. જેથી મળી આવેલ મોટરસાઇકલ કિ.રૂ.૨૫,૦૦૦/- ની ગણી સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ પંચનામાં વિગતે તપાસ અર્થે કબ્જે કરેલ અને આરોપીને આજરોજ તા.૨૯/૧૦/૧૫ ના કલાક ૧૨/૦૦ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧) ડી મુજબ અટક કરવામાં આવેલ. વધુ તપાસ અર્થે આરોપીઓ તથા કાગળો વડોદરા સયાગંજ પોલીસ સ્ટેશન મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે.